# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-12-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરતમાં રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળા-2025નો પ્રારંભ કરાવ્યો.
2. કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ કહ્યું, 2026ના અંત સુધીમાં ભારત 100 કરોડ લોકોને સામાજિક સુરક્ષા પૂરી પાડતો દેશ બનશે
3. અમદાવાદના 52 વર્ષ જૂના સુભાષબ્રિજની બંને બાજુ 2 નવી લેન બનશે
4. રાજ્યની એક્સપ્રેસ એસ.ટી બસના મુસાફરોને પોતાની સીટ પર ખોરાક ઉપલબ્ધ થશે
5. આજે ભૂકંપના દસ જેટલા આંચકાથી કચ્છ જિલ્લાની ધરા ધ્રુજી ઉઠી.
6. ક્રિકેટની વિજય હજારે ટ્રોફીમાં બંગાળ સામે બરોડાનો 4 વિકેટે વિજય

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## CM ADIVASI FAIR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત જિલ્લાના નવરચિત અંબિકા તાલુકામાં રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળા-2025નો આજે પ્રારંભ કરાવ્યો. કાર્યક્રમ દરમિયાન તેમણે સુરત જિલ્લામાં 858 કરોડના વિવિધ વિકાસકામોના વર્ચ્યુઅલી ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યાં. આ પ્રસંગે તેમણે જણાવ્યું, આ મેળો વિકસિત ભારતના નિર્માણમાં આદિવાસી ઉદ્યોગો-હસ્તકલા કારીગરો-MSMEને યોગદાન આપવામાં નવી દિશા આપશે.

( બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી )

આ રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળાનું આજથી 29 ડિસેમ્બરસુધી આયોજન કરાયું છે, જેમાં 370થી વધુ સ્ટોલ્સ, આદિવાસી વાનગીઓના 80 ઉપરાંત સ્ટોલ્સ, દેશભરના રાજ્યોના 700થી વધુ પ્રતિનિધિઓ જોડાયા છે.

----------

## CM KRIDA BHARTI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદમાં ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધિવેશનનો આજથી પ્રારંભ થયો. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, ઓલિમ્પિક 2036 ૨ન અપના ભાગરૂપે આગામી સમયમાં 5 જેટલી વિશ્વકક્ષાની રમતોના આયોજન માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. તેમણે ઉમેર્યું,

ખેલ મહાકુંભની સફળતાને પગલે રાજ્યના 16 ખેલાડીઓએ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય રમતોમાં રાજ્ય અને દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે ક્રીડા જ્યોત સ્મારિકા પુસ્તકનું વિમોચન કરાયું. આ ત્રણ દિવસીય અધિવેશનમાં સમગ્ર દેશમાંથી ક્રીડા ભારતી સંસ્થા સાથે જોડાયેલા ખેલાડીઓ અને સ્વયંસેવકો ઉપસ્થિત રહેશે.

----------

## MANDAVIYA EPFO

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ કહ્યું 2026ના અંત સુધીમાં ભારત 100 કરોડ લોકોને સામાજિક સુરક્ષા પૂરી પાડતો દેશ બનશે. આજે અમદાવાદના વટવામાં કર્મચારી ભવિષ્ય નિધિ ભવનનું ઉદ્ઘાટન કરતાં તેમણે કહ્યું, દેશમાં હાલ 94 કરોડ લોકોને સામાજિક સુરક્ષા પૂરી પાડવામાં આવી રહી છે.

(બાઇટ : ડૉ.મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી)

----------

## AMDAVAD SUBHASH BRIDGE

અમદાવાદના 52 વર્ષ જૂના સુભાષ બ્રિજને નવું સ્વરૂપ મળશે. બ્રિજની બંને બાજુ 2 નવા લેન બનશે.  થોડા દિવસ અગાઉ બ્રિજમાં પડેલી તિરાડને પગલે બ્રિજ અવરજવર માટે બંધ કરાયો હતો. ત્યારબાદ

નિષ્ણાતોના અભિપ્રાય અનુસાર હાલના બ્રિજના માળખાને દૂર કરી 250 કરોડ રૂપિયા ખર્ચે નવો બ્રિજ બનાવવાનો નિર્ણય લેવાયો હોવાનું મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું.

(બાઇટ : બંછાનિધિ પાની, મ્યુનિસિપલ કમિશનર)

આ હાલના બ્રિજનું રીસ્ટોરેશન 9 મહિનામાં પૂરું કરાશે અને નવા 2 લેન આગામી 2 વર્ષમાં બનાવવામાં આવશે.

----------

# RERA NEW SOP

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (RERA) એ મિલકત ખરીદદારો અને અન્ય હિતધારકો માટે ફરિયાદ નિવારણ પ્રક્રિયાને વધુ ઝડપી, પારદર્શક અને સુવ્યવસ્થિત બનાવવા માટે એક વ્યાપક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) અમલમાં મૂકી છે. આ **ઓનલાઇન સિસ્ટમ દ્વારા હવે ફરિયાદ નિવારણ પ્રક્રિયા વધુ વેગવાન અને પારદર્શક બનશે.**

નવી SOP મુજબ ઓનલાઇન ફરિયાદ નોંધણીને પ્રાધાન્ય અપાશે. ઓનલાઇન ફરિયાદ કર્યા બાદ સાત દિવસની અંદર તેની ફિઝિકલ કોપી RERA કચેરીએ જમા કરાવવાની રહેશે.

ફરિયાદોની ચકાસણી સીધી RERA સેક્રેટરી સ્તરે કરવામાં આવશે, જેથી કાર્યવાહીમાં કોઈ અવરોધ ન આવે.

કેસની પ્રગતિ પર નજર રાખવા માટે RERA ડેશબોર્ડ મુખ્ય પ્લેટફોર્મ રહેશે.

ગુજરાત RERA દ્વારા લેવામાં આવેલું આ મહત્વપૂર્ણ પગલું રિયલ એસ્ટેટ ક્ષેત્રે વિશ્વાસ વધારવા અને ફરિયાદોના નિકાલમાં લાગતો સમય ઘટાડવા માટે અત્યંત મહત્વપૂર્ણ પૂરવાર થશે.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## VAGHANI MORBI

પશુપાલન મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, સરકાર અશ્વના સંરક્ષણ અને જતન માટે નવું સંવર્ધન કેન્દ્ર બનાવશે. મોરબીના વાંકાનેર ખાતે ત્રણ દિવસીય 'કામા અશ્વ શો'નો શુભારંભ કરાવતા શ્રી વાઘાણીએ જણાવ્યું, અશ્વોની સંખ્યા વધારવા લક્ષ્ય નિર્ધારિત કરી મિશન મોડ પર કામગીરી કરાશે.

(બાઇટ : જીતુ વાઘાણી, મંત્રી)

ઉલ્લેખનીય છે 300 થી વધુ નોંધણી પૈકી 250 જેટલા ઘોડાઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો છે.

----------

## FOOD ON BUS -NEW PROJECT S.T

એસ.ટી નિગમ દ્વારા મુસાફરોને વિમાન અને રેલવેની જેમ હવે બસોમાં તેમની સીટ ઉપર ફૂડ આપવાનો 'ON DEMAND PACKED FOOD- FOOD ON BUS' નવીન પ્રોજેકટ શરૂ કરાશે.

આ પ્રોજેકટ અંતર્ગત નિગમની એક્સપ્રેસ બસોમાં સંચાલિત રૂટમાં પેસેન્જરોને ચાલુ બસે પેકડ ફૂડ મળી શકશે. આ સેવાનો લાભ લેવા મુસાફરો, નિગમની Online Passenger Reservation System પર બસ ટીકીટની સાથે સાથે ફૂડ પણ અગાઉથી બુકિંગ કરી શકશે. મુસાફરી શરૂ થયા બાદ જે સ્થળે ફૂડ મેળવવાનું હોય તે સ્થળે પહોંચવાના ત્રણ કલાક પહેલા આ ઓર્ડર કરવાનો રહેશે.

આ સેવાથી નિગમની નોન ટ્રાફિક આવકમાં પણ વધારો થાય તે હેતુથી આ નવીન પ્રોજેકટ પ્રાયોગિક ધોરણે ફક્ત અમદાવાદથી શરૂ કરવામાં આવશે જેની ટેન્ડર પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

----------

## KUTCH EARTHQUAKE

આજે ભૂકંપના દસ જેટલા આંચકાથી કચ્છ જિલ્લાની ધરા ધ્રુજી ઉઠી. વહેલી સવારે ભૂકંપના સતત આઠ આંચકા નોંધાયા. પરોઢિયે સાડા ચાર  કલાકે 4.6 ની તીવ્રતા સાથે વાગડ વિસ્તારમાં ભૂકંપનો આંચકો અનુભવાયો. જેને પગલે નિંદ્રાદિન લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી 22 કિલોમીટર દૂર પશ્ચિમ ઉત્તર દિશામાં નોંધાયું. આ જ દિશામાં ઉપરાછાપરી ભૂકંપના આઠ આંચકા નોંધાયા. ત્યારબાદ વધુ બે આંચકા નોંધાયા. સવારે 9:02 કલાકે રાપર નજીક 2.5ની તીવ્રતા અને 11:19 કલાકે 3ની તીવ્રતાનો આંચકો નોંધાયો. લાંબા સમય બાદ એક દિવસમાં 10 થી વધુ આંચકા અનુભવાતા સ્થાનિકોમાં ભય ફેલાયો છે.

----------

## G RAM G REACTION

કેન્દ્ર સરકારની "વિકસિત ભારત જી રામ જી" યોજના ગ્રામીણ વિકાસનું આધુનિક માળખું ઊભું કરશે. આ કાયદો 20 વર્ષ જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી અધિનિયમ 2005નું સ્થાન લેશે. ત્યારે સુરેન્દ્રનગરના નાગરિકો, આગેવાનો અને યુવાનો આ યોજનાને આવકારી છે.

(બાઇટ : સ્થાનિક)

----------

## WEATHER FORCAST

રાજયમાં આગામી સાત દિવસ ઠંડીમાં વધુ ફેરફાર થવાની શક્યતા નહિવત છે. ડિસેમ્બર મહિનો પૂરો થવા આવ્યો હોવા છતા રાજયમાં ઠંડીનો ચમકારો અનુભવાયો નથી.

રાજ્યના મુખ્ય શહેરોના લઘુતમ તાપમાનની વાત કરીયે તો અમદાવાદમાં આજે 15.3 ડિગ્રી જ્યારે ગાંધીનગરમા 14.2 ડિગ્રી નોંધાયું. રાજ્યમાં સૌથી નીચું તાપમાન 9.5 ડિગ્રી નલિયા ખાતે નોંધાયું.

----------

## SURENDRANAGAR SHATABDI MAHOTSAV

સુરેન્દ્રનગર જિલ્લામાં શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ ખાતે શ્રી મુક્તમુનિ મહોત્સવ શ્રી સદગુરુ શતાબ્દી મહોત્સવની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી રીવાબા જાડેજા ઉપસ્થિત રહ્યા. શ્રીમતી જાડેજાએ જણાવ્યું, વર્તમાન સમયમાં બાળક શું બનશે તેના કરતા તે કેવું બનશે તે વધુ મહત્વનું છે. તેમણે ટેકનોલોજી, સંસ્કૃતિ અને તત્વજ્ઞાનના 'ત્રિવેણી સંગમ' દ્વારા નવી શિક્ષણ નીતિ થકી યોગ, ભક્તિ અને આયુર્વેદ જેવા ભારતીય મૂલ્યોને જાળવી રાખવા પર ભાર મૂક્યો.

----------

## VIJAY HAZARE TROPHY

ક્રિકેટની વિજય હજારે ટ્રોફીમાં આજે બંગાળ સામે બરોડાનો 4 વિકેટે વિજય થયો. બંગાળ તરફથી મળેલા 206 રનના લક્ષ્યાંકને બરોડાએ 38.5 ઓવરમાં 6 વિકેટ ગુમાવી હાંસલ કર્યો. જ્યારે બીજી તરફ ગુજરાત સામેની મેચમાં દિલ્હીનો 7 રનથી વિજય થયો છે. દિલ્હીએ આપેલ 255 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં ગુજરાતની ટીમ 247 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

----------